ચારૂતર વિદ્યામંડળ સંચાલિત

# ગો. જો. શારદા મંદિર અમૃત મહોત્સવ

**પ્રથમ પગથિયાં તરફ ...**

પૂજ્ય ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબની આર્ષદ્રષ્ટિ, દીર્ઘદ્રષ્ટિ, સંવર્ધકદ્રષ્ટિ અને સર્જદ્રષ્ટિએ ચારૂતર વિદ્યામંડળનો પાયો નખાયો. આ સંસ્થાના સ્થાપક પછી આટલા વર્ષે જોઈએ છીએ તો સમદ્રષ્ટિ અને સર્વલક્ષી શિક્ષણ સંકુલોની હારમાળા નજરે આવી પડે છે. એમાં મૂળ સુણાવના વતની ગોવિંદભાઇ જોરાભાઈ પટેલની ઉદારતા અને ધગશથી એક વિદ્યાસંકુલનો 1 માર્ચ 1949ના રોજ ઉમેરો થયો. એ સંકુલ એટલે ચારૂતર વિદ્યામંડળની પ્રથમ શાળા ગો. જો. શારદા મંદિર.

આ શાળા **1 માર્ચ 2023 ના રોજ તેના કાર્યકાળના 74 વર્ષ પૂર્ણ કરી 75માં વર્ષમાં પ્રવેશ રહ્યું છે** ત્યારે માર્ચ 2023 થી ફેબ્રુઆરી 2024 દરમિયાન શાળા પરિવાર તેનો 'અમૃત મહોત્સવ' ઉજવવા કટિબધ્ધ થયો છે. આ ઉત્સવમાં સહભાગી થવાનું **ગૌરવ આપ સૌને અનેરો આનંદ આપશે.**

આપણે જાણીએ છીએ કે પ્રત્યેક વ્યક્તિના જીવનકાળ દરમ્યાન નીજની ભીતરમાં અનેક સબંધો, ઘટનાઓ અને વ્યક્તિઓ સચવાયેલા હોય છે. તેમાંય તેના શાળાકાળની સ્મૃતિઓ વિશેષરૂપે સચવાયેલી હોય છે. બેન્ચ, નોટ, પેન, ચોક, ડસ્ટર સિવાય શિક્ષકનું પ્રેમાળ વર્તન, શિસ્ત પાલનનો આગ્રહ, વિવિધ સહઅભ્યાસ પ્રવૃતિઓમાં લીધેલ ભાગ, મિત્રો સાથેની પળો, મસ્તીતોફાનો, પ્રવાસના સંસ્મરણો, કંઈક ખોટું કર્યાનો અહેસાસ પછી શિક્ષકે આપેલી ક્ષમા, ક્યારેક દુ:ખના પ્રસંગે શિક્ષકે આપેલી હૂંફ કે કોઈ વખતે શિક્ષકે આપેલું પ્રોત્સાહન વગેરે **તમારી હ્રદયનોટના પ્રત્યેક પાનાંમાં અંકાયેલા હોય છે.** તો કેટલાક શિક્ષકોના જીવનખંડમાં તેમનો વર્ગખંડ કાયમી આરક્ષિત થઈ ગયો હશે તેવું કહી શકાય. આ બધું યાદ આવતાં હ્રદયમંદિરમાં જાણે આરતી થઈ ગઈ હોય તેવો અનુભવ થાય.

આટલું બધુ વાંચ્યા પછી તમારી નજર સમક્ષ શાળાની સ્મૃતિ તો જરૂર સળવળી ઉઠી હશે ખરુંને...! ગો. જો. શારદા મંદિર 1 માર્ચ 2023 માં તેના 75 માં અમૃતમહોત્સવમાં પ્રવેશશે ત્યારે શાળા તેની વિશિષ્ટ રીતે ઉજવણી કરવાનું વિચારી રહી છે. જેના ભાગ રૂપે જે વિદ્યાર્થિનીઓ શાળામાં ભણી ગયા છે તેમનું હ્રદય કાગળ પર ઉતરે, શાળાની માણેલી પળો તાદ્રશ્ય થાય તે માટે અમે તમારા નાનકડા પ્રસંગોને કે અનુભવોને સંગ્રહિત કરી **પુસ્તક** કરવાનું વિચારી રહ્યા છીએ.

જેનું સંભવિત નામ છે "અમૃત પર્વ સ્મર્ણિકા" / શાળા મને કેમ વિસરે રે./ અન્ય કોઈ નામ સૂચવાય તે.

પૂર્વ વિદ્યાર્થિનીઓને આ પુસ્તકનાં માધ્યમથી શિક્ષકોને મળવાનો આનંદ મળશે તો બીજી બાજુ શિક્ષકે પણ પોતાના જીવનની સાર્થકતાનો અદભૂત સંતોષ અનુભવશે.

અમૃતમહોત્સવના ઉજવણીના પ્રથમ પ્રયાસે આપના લખાણની રાહ જોઈએ છીએ. આપનો અનુભવ સત્વરે લખીને મોકલશો તો ગુણવત્તા સભર લખાણોનું સંકલન કરવાનો સમય મળી રહે. આપનું લખાણ ડિસેમ્બર-૨૦૨૨ પહેલાં મોકલી આપવા વિનંતી. લખાણ વોટ્સએપ કે EMAILમાં મોકલી શકાશે.

લિ.

**વોટ્સએપ :-9510472503**

**E-MAIL:-gjsm1949@gmail.com**

રીટાબેન પટેલ

આચાર્યા

ગો. જો. શારદા મંદિર